**સમરી નંબર : ૩૪/૨૦૨૪**

**<u>આક – ૦૧ લગત હુકમ</u>**

આજરોજ વિ.વ.એ.પી.પી.શ્રી અત્રેની કોર્ટમા હાજર છે અને મુળ ફરીયાદી યાજ્ઞીકભાઈ ધર્મેન્દ્રભાઈ જોષી પણ અત્રેની કોર્ટમા હાજર છે.

તારીખ ૦૬/૯/૨૦૨૪ ના રોજ આ કામના ફરીયાદી ધ્વારા બી.એન.એસ.નીકલમ ૩૦૯(૩), ૩૦૯(૪), ૩૦૯(૬), ૧૧૫(૨), ૧૧૮(૧), ૨૯૬ અને ૫૪ તથા જી.પી.એટકની કલમ ૧૩૫ મુજબ બાટવા પોલીસ સ્ટેશનમા એફ.આઈ.આર.નંબર ૧૩૯/૨૦૨૪ થી ત્રણ અજાણ્યા ઈસમો સામે દાખલ કરવામા આવેલ. તેઓની ફરીયાદ નીચે મુજબ છે.

મારૂ નામ યાજ્ઞીકભાઈ ધર્મેન્દ્રભાઈ જોષી (નેહરૂ) જાતે બ્રાહમ્ણ ઉ.વ.૩૩ ધંધો–સોના ચાંદીના વેપારી રહે.સી–૫૦૧,દેવ દર્શન,યોગેશ્વર કુટીર બંગ્લોઝ,ન્યુ રાણીપ અમદાવાદ,જી.અમદાવાદ મો.નં.૭૬૨૩૯૧૫૪૦૮ રૂબરૂમા આવી જાહેર કરી મારી ફરીયાદ હકીકત લખાવુ છુ કે,હુ ઉપર બતાવેલ ઠેકાણે મારી પત્ની બાળકો સાથે રહુ છુ અને સોના ચાંદીનો સેલ્સમેન તરીકે વેપાર કરી મારૂ તથા મારા પરીવારનુ ગુજરાન ચલાવુ છુ.

ગઈ તા.૩૦/૮/૨૦૨૪ ના રોજ મારા શેઠ સંજયભાઈ બાલચંદભાઈ શાહ રહે.અમદાવાદ વાળાની કલા ગોલ્ડ ફેકટરી માણેકચોક ખાતેથી હુ તથા ધનરાજભાઈ ભાંડગે રહે.અમદાવાદ વાળા લેવા માટે ગયેલા હતા અને અમોએ શેઠ પાસેથી સોનાન ધરેણા જેમા રીંગ,પેન્ડલ,બુટી,મંગળસુત્ર,બાલી,ચેન,ગાભાકડલી તથા કાટી જે હીરા વાળા ધરેણા એક ગોપાલ લખેલા કાળા કલરના થેલામા રાખેલ તથા ખર્ચ માટે રોકડા રૂ.૧૫,૦૦૦/– અમોને આપેલ હતા.આ સોનાના દાગીનાનુ વાઉચર આપેલ હતુ જેમા આ સોનાના ધરેણાનો ગ્રોસ વજન આશરે ૨.૫ કી.ગ્રા. હતો અને બાદ અમો અમારા શેઠની ગાડી લેવા માટે તેના ધરે સ્ટોક લઈ અને ગયેલ હતા અને શેઠના ધરેથી તેને હુન્ડાઈ કંપનીની ગ્રાન્ડ આઈ–૧૦ રજી.નં.જી.જે.–૦૧–કે.બી.–૩૯૧૯ વાળીમા આ સ્ટોક રાખી મારા ધરે આશરે રાત્રીના આઠેક વાગ્યે પહોચેલ અને ધનરાજભાઈ તેના ધરે જતા રહેલ હતા.બાદ તા.૩૧/૮/૨૦૨૪ ના રોજ સવારના અગીયારેક વાગ્યે સ્ટોક લઈ મહેસાણા ગયેલ હતા અને ત્યાનુ કામ પતાવી અમદાવાદ મારા ધરે પરત આવેલ બાદ અમો રવીવારના દીવસે અમારા ધરે રોકાયેલા હતા

બાદ તા.૨/૯/૨૦૨૪ ના સવારના અગીયારેક વાગ્યાના અરસામા મારા શેઠ પાસ ેથી લીધેલ સોનાનો સ્ટોક ઉપરાંત મારા ઘરેથી ચાંદીના ઘરેણા જેમા પાયલ,વીંટી,વેંઠ જેનો અં દાજીત વજન પાંચેક કી.ગ્રા. હતો જે બધુ સાથે લઈ સોનાના દાગીના વાળા થેલામા રાખી અમારી ગાડીમા મુકી લીંબડી આવવા માટે નીકળેલ હતા અને અમો લીંબડી ખાતે ત્રણેક વાગ્યે પહોચેલ હતા અને વેપારીને મળી જુનાગઢ ખાતે જવા નીકળેલ અને આશરે દસેક વાગ્યે જુનાગઢ પહોચેલ અને જુનાગઢની રોયલ ઈન હોટલમા રોકાયેલા હતા અને તા.૩/૯/૨૦૨૪ ના સવારના અમો જુનાગઢ સીટીના વેપારીઓને મળેલ હતા અને અમોએ જુનાગઢ ખાતે કોઈ સોના ચાંદીના દાગીનાની લે–વેંચ કરેલ ન હતી અને સાંજે હોટલ પર પરત જતા રેહલ હતા બાદ તા.૪/૯/૨૦૨૪ ના રોજ સવારના અગીયારેક વાગ્યે તાલાળા જવા નીકળેલ અને ત્યા કાના જવેલર્સ ખાતેથી ૪૭ ગ્રામની ઉધરાણી પેટેની સોનાની રાણી લીધેલ હતી બાદ સાંજના જુનાગઢ અમારી હોટલ ખાતે રોકાયેલ હતા અને તા.૫/૯/૨૦૨૪ ના રોજ આશરે અગીયારેક વાગ્યે જુનાગઢની બજારમા વેપારીને મળવા માટે નીકળેલ અને તેને મળી અમો માણાવદર ખાતે આવવા માટે અઢી વાગ્યાના અરસામા નીકળેલ અને માણાવદર ખાતે સાડા ત્રણ વાગ્યે પહોચી બજારમા ગયેલ અને વેપારીઓને મળેલ હતા જેમા એસ.આર.જે. જવેલર્સના આશીષભાઈને સ્ટોકમાંથી એક વીટી આપેલ અને અગાઉનુ બાકી રહી ગયેલ પેમેન્ટ રૂ.૨,૪૬,૦૦૦/– ના રોકડા આપેલ હતા જે રહેલ સ્ટોકના થેલામા રાખી અમારી ગાડીમા મુકી બીજા વેપારીને મળી અમો કુતીયાણા વેપારીને મળવા નીકળેલ અને સાડા છએક વાગ્યે કુતીયાણા પહોચેલ ત્યા ભાવેશ જવેલર્સ વાળા વેપારીને મળી બાંટવા આવવા માટે સાતેક વાગ્યે નીકળેલ અને અમોએ બાંટવાનો રસ્તો જોયેલ ન હોય જેથી મેપમા બાંટવાનો રસ્તો નાખેલ હતો અને મેઈન હાઈવેથી બાંટવા તરફના રસ્તે ચડી મેપ બંધ કરી દીધેલ હતો અને ત્યાંથી દસ–બાર કી.મી. બાંટવા તરફ ચાલેલ હતા અને હુ ગાડી ચલાવતો હોય જેથી ગાડીમા ટેકનીકલ એરરની લાઈટ થતા મે ધનરાજભાઈને કહેલ તો તેણે ગાડી ઉભી રાખવા જણાવેલ હતુ જેથી અમો બન્ને નીચે ઉતરી બોનેટ ખોલી ચેક કરેલ બાદ ટાયરો મા હવા ચેક કરેલ હતી જેમા ખાલી સાઈડના પાછળના વ્હીલમા હવા ઓછી હોવાનુ જણાયેલ જેથી મે જેક કાઢી જેક લગાવી આપેલ હતો અને ધનરાજભાઈ વધુ જેક ચડાવતા હતા અને હુ સ્પેરવ્હીલ કાઢતો હતો તે દરમ્યાન આશરે આઠેક વાગ્યે મારી ગાડીની આગળ કોઈ ટુ વ્હીલર વાળો આવી તેની ટુ વ્હીલર સ્ટેન્ડ કરી તે ધનરાજભાઈ પાસે આવી શુ કરો છો તેમ કહી એક દમ ગાળો બોલવા લાગેલ હતો. જેથી ધનરાજભાઈએ ગાળો કોને બોલે છે તેમ

કહેતા આ ટુવ્હીલર વાળા ધનરાજભાઈ સાથે જપાજપી કરવા લાગેલ જેથી હુ ગાડીની પાછળથી આગળ છોડાવવા માટે આવેલ હતો અને ધનરાજભાઈએ મારી સામે જોતા આ માણસે ધનરાજભાઈના વાસામા છરીનો ઘા મારી દીધેલ હતો તે દરમ્યાન ગાડીની પાછળ રોડ પરથી બે વ્યકતીઓ આવેલ જેમા એક વ્યકતી પાસે છરી હતી જેણે અમોને બતાવેલ હતી અને પ્રથમ આવેલ વ્યકતીએ અમોને અમારી ગાડીમા બેસી જવા જણાવેલ હતુ જેથી અમો અમારી ગાડીની આગળની સીટમા બેસાડી દીધેલ હતા. અને અમોએ કોઈ દાગીના પહેરેલ છે કે કેમ તે બાબતે તેણે જોયેલ હતુ. જેમા બે વ્યકતી બંને દરવાજા પાસે ઉભી ગયેલ હતા અને તેમાથી એક વ્યકતીએ ગાડીમા રહેલ સામાન ચેક કરવા જણાવેલ જેથી ત્રીજા વ્યકતીએ અમારી ગાડીમા રહેલ સામાન ચેક કરતો હતો જેમા થેલામા પ્લાસ્ટીકના પારદર્શક ડબામા સોનુ રહેલ હતુ તુ બાબતે મને પુછતા મે તેને કહેલ કે તે એક ગ્રામનુ છે. આમા તમોને કાંઈ નહી મળે પરં તુ તેને સોનુ લાગતા તેણે આ કાળા કલરનો થેલો ઉપાડી લીધેલ હતો. જેમા સોનાના ઘરેણાનો ગ્રોસ વજન આશરે અઢી કીગ્રા. છે જેમા ૨૨ કેરેટનુ સોનુ છે જે સોનાનુ જડતર તથા પેકીંગ બાદ કરતા સોનાનુ વજના આશરે ૧૪૦૦/– ગણી શકાય જેની કીમત આશરે રુપીયા ૯ ૪ લાખ તથા અઢાર કેરેટ સોનાના દાગીનાની જડતર તથા પેકીગ બાદ કરતા આશરે વજન ૨૫૦ ગ્રામ જેની કીમત આશરે ૧૪ લાખ તથા સોનાની રણી જેનુ વજન ૪૭ ગ્રામ જેની કીમત આશરે ૨,૬૬,૦૦૦/– જેનો વીમો હોવાનુ અમારા શેઠે જણાવેલ છે તથા ચાદીના ઘરેણા જેમા પાયલ વીટી તથા વેડ જેનો અંદાજીત વજન ૫ કીગ્રા. જેમા ૬૦ ટચની ૫ કીલોની ચોખી ચાદીનો વજન ૩ કીલો ગણી શકાય જેની કીમત આશરે ૨,૫૦,૦૦૦/– ગણી શકાય તથા રોકડા રુપીયા ૨,૬૬,૦૦૦/– આમ આશરે કુલ કીમત રુપીયા ૧,૧૫,૮૨,૦૦૦/– ની લુટ કીર આ ત્રણેય લોકો ટુ વ્હીલર લઈ બાટવા ગામ બાજુ ભાગી ગયેલ હતા. જે લોકોને હુ જોયેથી ઓળખી શકુ છુ. અમોએ બચાવ બચાવનુ બુમો પાડતા હતા તે દરમ્યાન એક ફોર વ્હીલર વાળો અમારી પાસે આવી ઉભો રહેલ હતો અને તેણે પોલીસને જાણ કરી આપેલ હતી. તે દરમ્યાન અમોએ બુમો પાડેલ હતી જે અવાજ સાભળી આજુ બાજુના ખેતર વાળા બે વ્યકતી બાઈક લઈ આવેલ હતા. બાદ તમો પોલીસ આવી ગયેલ હતી. આમ અમારી પાસ ે કારમા રહેલ સોનાના ઘરેણાનો ગ્રોસ વજન આશરે ૨.૫ કીગ્રા છે જેમા ૨૨ કેરેટ ના સોનાનુ વજન આશરે ૧૪૦૦ ગ્રામ જેની કીમત આશરે ૯૪ લાખ તથા અઢાર કેરેટના સોનાના દાગીનાનુ આશરે વજન ૨૫૦ ગ્રામ જેની કીમત આશરે ૧૪ લાખ તથા સોનાની રણી જેનો વજન ૪૭ ગ્રામ જેની આશરે કીમત ૨,૬૬,૦૦૦/– જેનો વીમો હોવાનુ અમારા શેઠ

જણાવે છે તથા ચાદીના ઘરેણા જેમા પાયલ, વીટી, તથા વેડ જેનો અંદાજીત વજન ૫ કીગ્રા. જેમા ૬૦ ટચની ચોખી ચાદી નો વજન ત્રણ કીલો ગણી શકાય જેની કીમત આશરે ૨,૫૦,૦૦૦/– ગણી શકાય તથા રોકડા રુપીયા ૨,૬૬,૦૦૦/– આમ આશરે કુલ કીમત ૧,૧૫,૮૨,૦૦૦/– ની ત્રણ ઈસમો માથી બે ઈસમોએ અમોને છરી બતાવી તથા સાથેના ધનરાજભાઈને છરી વડે વાસાના ભાગે ઈજા કરી લુટ કરી પોતાની મો.સા. લઈ નાશી જઈ ગુનો કરેલ હોય તો તેની ધોરણસર થવા મારી ફરીયાદ છે.

બનાવ તારીખ ૦૬/૨/૨૦૨૪ ના રોજ બપોરના ૧ થી ૪ વાગ્યાના અરસામા બનેલ. ફરીયાદી તેમની સાઈન કંપનીની મોટર સાઈકલ જી.જે.૧૧ બી.પી. ૩૨૯૩ લઈને ગુણાતીત મીલ માથી રુપીયા ૯,૩૦,૦૦૦/– કપાસનુ પેમેન્ટ લઈ પ્લાસ્ટીકના ઝબલામા રાખી અને તે પેમેન્ટનો ઝબલુ આગળ ટાંકી ઉપર બંને પગ ઉપર રાખી જુનાગઢ રોડ ઉપર સનલાઈટ કોટેક્ષ મીલમા ઉમેશભાઈ વિઠલભાઈને તેઓને ખેડુતોને આપવાનુ પેમેન્ટ રુપીયા ૯,૩૦,૦૦૦/– આપવા જતા હતા. અને રસ્તામા માણાવદર આઈ.ટી.આઈ. થી થોડે આગળ જાબુડા ગામના કાચા રસ્તે જવાના નાકા પાસે પહોચતા ત્યા એક માણસ ઉભેલ હતો જે જુવાન જેવો લાગતા હતો અને તેણે પોતાની ડોકમા લાલ પછેડી રાખેલ હતી. સામેથી ડબલ સવારી મોટર સાઈકલ આવતુ હતુ તેમા બંને જણાઓ કાળા કપડા પહેરેલ હતા જેમાથી ડ્ર ાઈવરના હાથમા કડુ પહેરેલ હતુ. આ ઉભેલ માણસે આ ડબલ સવારી મોટર સાઈકલ વાળાને ઈસારો કરતા આ મોટર સાઈકલ વાળા ચાલકે મારી બાજુમા આવવા દીધેલ અને મોટર સાઈકલના ડ્રાઈવરે પગથી લાત મારી મને ધકો મારી દીધેલ, અને હુ મોટર સાઈકલ સાથે પડી ગયેલ. ત્યારબાદ આ અગાઉ થી ઉભેલ માણસ મારી પાસે આવી મારી મોટર સાઈકલની ટાકી ઉપર રાખેલ પેમેન્ટ નુ ઝબલુ જુટવી લીધેલ અને ત્રણેય જણાયે મોટર સાઈકલમા સવારી કરી કયાક જતા રહેલ.

તપાસના અંતે ત.ક.અ.ધ્વારા હાલની સમરી દાખલ કરવામા આવેલ છે. જેમા ત.ક.અ. એ રીપોર્ટમા સ્પષ્ટ પણે એવુ લખેલ છે કે આ કામે મુળ ફરીયાદી તથા અન્ય ઈસમોએ બાટવા પોલીસ સ્ટેશનમા ખોટી હકીકત જાહેર કરી ખોટી ફરીયાદ લખાવી ગુનો કરેલ હોય જેથી ''બી'' સમરી ભરી મોકલી આપેલ છે.

હાલની સમરીમા સાહેદ સંજયભાઈ બાલચંદ શાહએ આક ૮ થી લેખીત વાધાઓ રજુ કરેલ છે. આજરોજ મુળ ફરીયાદી પોતે અત્રેની કોર્ટમા હાજર છે અને જણાવે છે કે હાલની

ફરીયાદ તેઓએ સંજયભાઈ બાલચંદભાઈ શાહના કહેવાથી ખોટી ફરીયાદ આપેલ છે અને ખોટી ફરીયાદ આપવાનો હેતુ ઈન્સ્યોરન્સ કંપની માટે ઈન્સ્યોરન્સ મેળવી શકીએ તે માટે કરવામા આવેલ છે. વધુમા મુળ ફરીયાદી જણાવે છે કે સાહેદ સંજયભાઈ બાલચદભાઈ શાહ પોતે જાણતા હતા કે હાલની ફરીયાદ ખોટી ફરીયાદ છે જેથી તેઓના વાધા ટકવા પાત્ર નથી. અને સમરી મંજુર થવાને પાત્ર છે.

ઉપરોકત રજુઓતો ધ્વાને રાખી અત્રેની કોર્ટનુ એવુ માનવુ છે કે જયારે હાલના ફરીયાદી સામે ખોટી ફરીયાદ દાખલ કરવા માટે બી.એન.એસ.ની કલમ ૨૧૭ મુજબનુ તહોમતનામુ ઘડવામા આવેલ હોય જે તહોમત નામુ સી.સી.નંબર ૭૭૨/૨૪ મા ઘડવામા આવેલ હોય તે વચાણે લઈએ તો હાલની સમગ્ર ઉપરોકત ફરીયાદ ખોટી છે તેવુ ફલીત થાય છે. જેથી મારા પુરોગામી જજ સાહેબ ધ્વારા પણ તેવુ માનવાનુ હતુ તે મુજબ તહોમતનામુ ઘડવામા આવેલ છે. વધુમા ફરીયાદી પોતે આજરોજ હાજર હોય અને પોતે કબુલ રાખતાહોય કે હાલની ઉપરોકત મુજબની કોઈ બનાવ બનેલ ન હોય જેથી હાલની સમરી મંજુર થવાને પાત્ર છે તેથી ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>આખરી હુકમ</u>**

(૧) હાલની સમરી મંજુર કરવામા આવે છે.

(૨) મુદામાલ અંગે સી.સી.૭૭૨/૨૪ ના કામે ટ્રાયલ દરમ્યાન નકકી કરવામા આવશે.

તારીખ : ૧૬/૦૬/૨૦૨૬
સ્થળ : માણાવદર

**(બી.આર.લખવાણી)**
જયુડી.મેજી.ફ.ક.,
માણાવદર